SARDAR PATEL UNIVERSITY
Vallabh Vidyanagar - 388120
NAAC Accreditation with Grade - 'A'
Website : www.spuvvn.edu Phone: (02692) 226807 / 226867

# પરીપત્ર

વિષય: NEP અંતર્ગત ચાલતા અભ્યાસક્રમોમાં મલ્ટિપલ એન્ટ્રી અને એક્ઝિટ સિસ્ટમ અંતર્ગત પ્રમાણપત્ર/ ડીપ્લોમા/ ડિગ્રી એનાયત કરવા માટેની જરૂરીમાર્ગદર્શિકા/શરતો

સંદર્ભ: (૧) ગુજરાત રાજ્ય માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે બહાર પાડવામાં આવેલ SOP.
(૨) નેશનલ હાયર એજ્યુકેશન ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NHEQF) અને યુજીસીની પ્રવર્તમાન માર્ગદર્શિકા.
(૩) સરદાર પટેલ યુનિવર્સિટીની તારીખ: ૨૨/૫/૨૦૨૬ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલ સભાની બાબત ક્રમાંક ૩૭થી મંજૂર કરેલ.

નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP)-૨૦૨૦નો મુખ્ય ઉદ્દેશ્ય ઉચ્ચ શિક્ષણ પ્રણાલી મુજબ (Flexibility) લાવી વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીને સુગમ બનાવવાનો છે. વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓની માંગણી અને જરૂરિયાતને ધ્યાને લેતા, જો કોઈ વિદ્યાર્થી કોઈ કારણોસર પોતાનો અભ્યાસ અધવચ્ચેથી છોડવા માંગતો હોય અથવા રોજગારલક્ષી કૌશલ્ય પ્રાપ્ત કરવા માંગતો હોય, તો તેને તેના દ્વારા પૂર્ણ કરેલ શૈક્ષણિક વર્ષના આધારે યોગ્ય પ્રમાણપત્ર પ્રાપ્ત થાય તે જરૂરી છે. વિદ્યાર્થીઓના હિતમાં અને તેમની રચનાત્મક ક્ષમતાઓને પ્રોત્સાહન આપવા માટે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આ 'મલ્ટિપલ એન્ટ્રી અને એક્ઝિટ' ની જોગવાઈ અમલી બનાવવામાં આવે છે.

<u>શરતો:</u>

ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં (HEIs) અભ્યાસ કરતા સેમેસ્ટર-૨, ૪ અને ૬ ના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબની લાયકાત અને ક્રેડિટના આધારે સર્ટિફિકેટ, ડિપ્લોમા કે ડિગ્રી એનાયત કરવામાં આવશે.

(૧) શૈક્ષણિક લાયકાત અને ક્રેડિટનું માળખું:

| લાયકાત (Award) | સ્તર (Level) | જરૂરીશૈક્ષણિકસમયગાળો | જરૂરીક્રેડિટ |
|---|---|---|---|
| અન્ડર ગ્રેજ્યુએટ પ્રમાણપત્ર (UG Certificate) | સ્તર ૪.૫ | પ્રથમ વર્ષ (૨ સેમેસ્ટર) પૂર્ણ થયા બાદ | ૪૪ક્રેડિટ + ૪ વધારાની ક્રેડિટ |
| અન્ડર ગ્રેજ્યુએટ ડિપ્લોમા (UG Diploma) | સ્તર ૫.૦ | પ્રથમ બે વર્ષ (૪ સેમેસ્ટર) પૂર્ણ થયા બાદ | ૮૮ક્રેડિટ + ૪ વધારાની ક્રેડિટ |
| બેચલર (સ્નાતક) ડિગ્રી (UG Degree) | સ્તર ૫.૫ | ત્રણ વર્ષ (૬ સેમેસ્ટર) પૂર્ણ થયા બાદ | ૧૩૨ ક્રેડિટ |
| બેચલર ડિગ્રી (ઓનર્સ/સંશોધન સાથે) | સ્તર ૬.૦ | ચાર વર્ષ (૮ સેમેસ્ટર) પૂર્ણ થયા બાદ | ૧૭૬ ક્રેડિટ |

(૨) એક્ઝિટ (અભ્યાસ છોડવા) થવા માટેની જરૂરીમાર્ગદર્શિકા/શરતો :

(અ) સર્ટિફિકેટ માટે (સેમેસ્ટર-૨ પછી): જો વિદ્યાર્થી કુલ ૪૪ ક્રેડિટ સાથે પ્રથમ વર્ષના અંતે અભ્યાસ છોડે છે, તો તેને 'યુજી સર્ટિફિકેટ' એનાયત કરવામાં આવશે. પરંતુ, તે માટે વિદ્યાર્થીએ તેના જ મેજર વિષયમાં સમર ઇન્ટર્નશિપ/એપ્રેન્ટિસશિપ દ્વારા અથવા જે તે મલ્ટીડીસીપ્લીનરી વિષયનો કોર્સ પૂર્ણ કરી ૪ (ચાર) વધારાની ક્રેડિટ મેળવવી અનિવાર્ય રહેશે.

(બ) ડિપ્લોમા માટે (સેમેસ્ટર-૪ પછી): જો વિદ્યાર્થી કુલ ૮૮ ક્રેડિટ મેળવ્યા બાદ બીજા વર્ષના અંતે અભ્યાસ છોડે છે, તો તેને 'યુજી ડિપ્લોમા' પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ માટે પણ તેના જ મેજર વિષયમાં સમર ઇન્ટર્નશિપ/એપ્રેન્ટિસશિપ દ્વારા અથવા જે તે મલ્ટીડીસીપ્લીનરી વિષયનો કોર્સ પૂર્ણ કરી ૪ (ચાર) વધારાની ક્રેડિટ મેળવવી અનિવાર્ય રહેશે.

(ક) ડિગ્રી માટે (સેમેસ્ટર-૬ પછી): ત્રણ વર્ષના અંતે કુલ ૧૩૨ ક્રેડિટ મેળવનાર વિદ્યાર્થીઓને સ્નાતક (UG) ડિગ્રી આપવામાં આવશે.

ચાલુ..૨

(ડ) પુનઃપ્રવેશ (Re-entry) અને અન્ય બાબતો:

- સમય મર્યાદા: અભ્યાસ છોડ્યાના ત્રણ વર્ષની અંદર વિદ્યાર્થી તે જ સંસ્થા અથવા અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં ફરીથી પ્રવેશ મેળવી શકે છે.
- મહત્તમ અવધિ: વિદ્યાર્થીએ જે તે સત્રનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો હોય, ત્યારથી વધુમાં વધુ સાત વર્ષની અવધિમાં ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કરવાનો રહેશે.
- પુનઃ પ્રવેશ કે સંસ્થા બદલવા બાબત: જે તે શૈક્ષણિક વર્ષના અંતે જો કોઈ વિદ્યાર્થી મૂળ સંસ્થા કે સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન અન્ય સંસ્થામાં પ્રવેશ લેવા ઈચ્છુક હોય, તો તેના અભ્યાસક્રમમાં ઓછામાં ઓછી ૭૦% સામ્યતા હોવી જરૂરી છે. સરદાર પટેલ યુનિવર્સિટી અને સંસ્થા દ્વારા નિયત કરેલ પ્રવેશ માટેની લાયકાત, ઉપલબ્ધ બેઠકો અને સંસ્થાના પ્રવેશ નિયમોને આધારે મૂળ સંસ્થા અથવા અન્ય સંસ્થામાં વિદ્યાર્થી પુનઃપ્રવેશ મેળવી શકશે. અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે, પુનઃપ્રવેશ લેતી વખતે અમલમાં હોય તેવી અને લાગુ પડતી હોય એવી અન્ય તમામ શરતોનું પાલન કરવું આવશ્યક રહેશે.
- ક્રેડિટ ટ્રાન્સફર: વિદ્યાર્થીઓની ક્રેડિટ માન્યતા, સંચય અને ટ્રાન્સફર માટે ઔપચારિક વ્યવસ્થા ABC (Academic Bank of Credits) નો વિકલ્પ માન્ય રહેશે.
- નોંધ:

  ૧. પ્રથમ વર્ષ (૨ સેમેસ્ટર) અથવા/અને બીજા વર્ષ (૪ સેમેસ્ટર)ના અંતે એક્ઝિટ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ આગામી શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાં, સરદાર પટેલ યુનિવર્સિટીના નિયમો અનુસાર, યુનિવર્સિટી દ્વારા અગાઉથી નિર્ધારિત કરેલ ફોર્મમાં અરજી કરવી આવશ્યક રહેશે.

  ૨. જે વિદ્યાર્થીએ સર્ટીફીકેટ/ડીપ્લોમા કોર્સ પૂર્ણ કરેલ હોય અને આગળના સેમેસ્ટરમાં પુનઃપ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તેવા વિદ્યાર્થી તે જ પ્રોગ્રામમાં, તે જ વિષયમાં પ્રોગ્રામના પ્રકાર (સેલ્ફ-ફાઈનાન્સ/ ગ્રાન્ટ ઇન એઇડ)માં પ્રવેશ મળવા પાત્ર રહેશે.

  ૩. આ પરિપત્રના અર્થઘટન, અમલીકરણ અથવા વ્યાખ્યા સંબંધિત વહીવટી કે અન્ય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં માનનીય કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને અંતિમ ગણાશે.

  ૪. આ પરિપત્રમાં નિર્દિષ્ટ માર્ગદર્શિકાઓમાં સમયાંતરે સંબંધિત નિયમનકારી સત્તાધિકારીઓ દ્વારા જાહેર કરવામાં આવતી સૂચનાઓ અનુસાર જરૂરી સુધારા કરવામાં આવી શકે છે.

નં.ડી/બી/ ૧૨૦૦

વલ્લભ વિદ્યાનગર

તારીખ: ૨૯/૦૫/૨૦૨૬

કા.કુલસચિવ

નકલ રવાના: જાણ તેમજ કાર્યવાહી કરવા સારૂં

૧. યુનિવર્સીટી વિભાગોના વડાશ્રીઓ તરફ

૨. સલગ્ન કોલેજોના આચાર્યશ્રી તરફ

૩. વડાશ્રી, પરીક્ષા વિભાગ, સદર બાબતે ઘટતી કાર્યવાહી કરવા અંગે જાણ સારૂ.

૪. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સદર પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.